<table>
<tr><td align="center">અગ્રતા ક્રમ : 3<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૭<br>પ્રશ્નની વિગત: નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી, ડીસા.</td></tr>
<tr><td>પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી, ડીસા.</td></tr>
<tr><td>પૂરક પ્રશ્ન (૧) : નડાબેટ ખાતે સીમા દર્શન પ્રોજેક્ટ અંતર્ગત કઇ કઇ કામગીરી કેટલા રૂપિયાયના ખર્ચે પુર્ણ કરવામા આવેલ છે?</td></tr>
</table>

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

ગુજરાત સરકારની બોર્ડર ટુરીઝમ યોજના અન્વયે નડાબેટ ખાતે સીમા દર્શન અંતર્ગત નીચે મુજબની પ્રવાસી સુવિધાના વિકાસની કામગીરી હાથ ધરેલ છે.

- ફેઝ-૧ અંતર્ગત આગમન પ્લાઝા, પાર્કિંગ, ઓડિટોરિયમ, દુકાનો (૨૨ નંગ ) તેમજ આઉટર ડેવલપમેન્ટ વગેરે કામગીરી કુલ રૂ. ૨૨૮૩.૯૫ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.
- ફેઝ-૨ અંતર્ગત અજય પ્રહેરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ,અપ્રોચ રોડ, સરદ ગાથા મ્યુઝીયમ, એર ક્રાફ્ટ પ્લેટફોર્મ, BSF બેરેક વગેરે કામગીરી કુલ રૂ. ૩૨૦૩.૯૩ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.
- ફેઝ-૩ અંતર્ગત એક્ઝિબિશન હૉલ નું ફર્નિચર કામ, આગમન પ્લાઝા માં ફર્નિચર કામ, ઓડિટોરિયમનું સાઉન્ડ પ્રૂફ એકોસ્ટીક વર્ક અને ફર્નિચર, CCTV કેમેરા અને પબ્લિક એનાઉસમેન્ટ સીસ્ટમ વગેરે કામગીરી કુલ રૂ. ૪૩૪.૪૧ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

- ફેઝ -૪ અંતર્ગત સેન્ટ્રલાઈઝ એસી, 3D ગેમ ઝોન,ભારત મા જુદી-જુદી સરહદ દર્શાવતા કલ્પચર ,લાઈટીંગ વગેરે કામગીરી કુલ રૂ. ૧૭૫૨.૩૦ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થીતીએ રૂ.૨૧૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.
- તદુપરાંત સીમા દર્શન પ્રોજેક્ટ માટે જુદા જુદા વિભાગને ફાળવામાં આવેલ ગ્રાન્ટ સહીત સીમા દર્શન પ્રોજેક્ટ કુલ ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૩**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૭**<br>**પ્રશ્નની વિગત: નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી, ડીસા** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી અનિકેતભાઈ ઠાકોર (પાલનપુર)** |
| **પૂરક પ્રશ્ન(૨) નડાબેટ ખાતે સીમા દર્શન પ્રોજેક્ટ જાહેર જનતા/પ્રવાસીઓ માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવ્યો અને ૩૧/૧૨/૨૦૨૩ સુધી કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે?** |

| |
|---|
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br><br>**માનનીય ગૃહ મંત્રીશ્રી, ભારત સરકારના વરદ હસ્તે તા. ૧૦/૦૪/૨૦૨૨ના રોજ ભારત–પાકીસ્તાન સરહદ“સીમા દર્શન પ્રોજેક્ટ “ને જાહેર જનતા/પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ અને નડાબેટ ખાતે પ્રવાસી સુવિધાઓ વિકસાવ્યા બાદ અંદાજીત ૧૧.૫૩ લાખથી પણ વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે.** |
| **અગ્રતા ક્રમ : ૩**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૭**<br>**પ્રશ્નની વિગત: નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી, ડીસા** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર)** |

પૂરક પ્રશ્ન (૩) નડાબેટ ખાતેના સીમા દર્શન માટે આવતા પ્રવાસીઓ રાત્રી રોકાણ કરી શકે તે માટે કોઈ આયોજન કરેલ છે?

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

નડાબેટ ખાતેના સીમા દર્શન માટે આવતા પ્રવાસીઓ રાત્રી રોકાણ કરી શકે તે માટેરાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં અધ્યતન સુવિધાઓ વાળૂ ટેન્ટ સીટી વિકસાવવાની પ્રક્રીયા અમલવારી હેઠળ છે. જેમાં પ્રવાસીઓના રાત્રી રોકાણ માટે ૬૫ જેટલા ટેન્ટ બનાવવાનું આયોજન છે. જેથી નડાબેટની મુલાકાતે આવનાર પ્રવાસી “સીમા દર્શન” કર્યા પછી રાત્રી રોકાણની સુવિધા મેળવી શકે અને નડાબેટ ખાતે પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો કરી શકાય.